

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘મુમુક્ષુની ભૂમિકા’ સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પહેલાં તો (તત્ત્વની) ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યક્‌જ્ઞાન થાય છે. ધારણામાં પણ આ તરફનું (આત્માનું) લક્ષ હોવું જોઈએ. (ધારણા સ્વલક્ષ્યી હોવી જોઈએ. સ્વલક્ષ્યી ધારણા પ્રયોજનની ઉત્પાદક થાય છે. અને પ્રયોગાન્વિત ધારણામાં ધારણ કરેલો ઉપદેશ જ્યારે અંતરમાં ઉતરે છે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.) (૨૪)

***

વિકલ્પથી અને મનથી (પરલક્ષ્યીજ્ઞાનમાં) કરેલો નિર્ણય સાચો નથી. પોતાની તરફ દૃષ્ટિનું તાદાત્મ્ય કરવાથી જ, પોતાથી કરેલો નિર્ણય જ સાચો નિર્ણય છે. પહેલા વિકલ્પથી, અનુમાનથી (સ્વલક્ષ્યી-જ્ઞાન મેં) નિર્ણય થાય, તેમાં પણ લક્ષ તો અંતરમાં ઢળવાનું જ હોવું જોઈએ. (૪૯)

***

તીવ્ર પ્યાસ (જિજ્ઞાસા) લાગવી જોઈએ. તરસ લાગે તો ગમે તેમ કરીને છીપાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. (૬૪)

***

પ્રશ્ન : પાકા નિર્ણય વિના, હું શુદ્ધ છું, ત્રિકાળી છું, ધ્રુવ છું, એમ અનુભવનો અભ્યાસ કરે તો, અનુભવ થઈ શકે કે કેમ?

ઉત્તર : નહીં, પાકો નિર્ણય નહીં પરંતુ યથાર્થ નિર્ણય કહો. યથાર્થ નિર્ણય થયા બાદ નિર્ણયમાં પાકાપણું થાય છે. પછી અનુભવ થાય છે. (૯૨)

***

વિકલ્પની ભૂમિકામાં પણ (જેને) નિર્ણય થતો નથી તેને નિર્વિકલ્પ નિર્ણય થવાનો અવકાશ જ ક્યાં છે? (૧૧૮)

***

ત્રિકાળીનો પક્ષ કરો! એવો (અપૂર્વ) પક્ષ કરો કે અનંતકાળમાં ક્યારેય થયો ન હોય. વર્તમાનનો પક્ષ છોડો. (૩૨૮)

***

જેને પોતાનું સુખ જોઈએ છે તેને, જેને પોતાનું સુખ પ્રગટ્યું છે તેની પાસે (સર્વાર્પણ બુદ્ધિપૂર્વક શરણમાં) જવાનો ભાવ આવે છે. (૫૦૧)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૮૯, વર્ષ–૨૪, જાન્યુઆરી–૨૦૨૨

**અષાઢ વદ ૧૨, શુક્રવાર, તા.૧૫–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૮, પ્રવચન–૩૫**

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' મુનિ. ૮૮ ગાથા.

**सम्माइट्ठी–जीवडह, दुग्गइ–गमणु ण हइ।**
**जइ जाइ वि तो दासु णवि, पुव्व–क्विउ खवणेइ।।८८।।**

(સમ્યગ્દૃષ્ટિ માઠી ગતિમાં) જાય તો દોષ નથી, પૂર્વનું ખપે છે. એમ કહે છે, '**સમ્યગ્દૃષ્ટિ જીવને ખોટી ગતિઓમાં ગમન થતું નથી.**' કેમકે પોતાનો આત્મા શુદ્ધ અખંડ નિર્મળ નિર્વિકલ્પ દૃષ્ટિનો આદર છે, દૃષ્ટિમાં પોતાના પૂર્ણ સ્વભાવનો આદર છે. આખા સંસારની અંદર દૃષ્ટિમાં ઉપેક્ષા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ '**दुग्गई–गमणु ण हइ**' એને દુર્ગતિ ગમન થાય નહિ. કેમકે પોતાનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ સન્મુખનું ઉપાદેયપણું છે અને આખો સંસાર વિકલ્પથી માંડી બધાની તેને ગ્રહણબુદ્ધિ નથી. ગ્રહણબુદ્ધિ નથી અને પોતાના શુદ્ધ સ્વભાવની ગ્રહણબુદ્ધિ છે. તે કારણે કદાચિત્ ખોટી ગતિમાં જાય તો હાનિ નથી. એ તો '**પૂર્વકૃત કર્મનો ક્ષય કરે છે.**' પૂર્વનું બાંધેલું કર્મ છે તેનો તેને નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**આત્માના શુદ્ધ સ્વરૂપની ગાઢ રુચિ અને અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર ભવ્ય જીવને સમ્યગ્દૃષ્ટિ કહે છે.**' પહેલા આનંદથી લે છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર અમૃત સ્વરૂપ છે, આનંદ મારામાં જ છે. અતીન્દ્રિય આનંદની ગાઢ રુચિ અને પરમપ્રેમ જેને અંતર આત્મામાં થઈ ગયો તેના પુણ્ય-પાપ, તેનું બંધન અને તેનું ફળ, તેનો પ્રેમ, રુચિ અંતરથી ઊઠી ગઈ. સમજાણું કાંઈ? નાશ થઈ ગઈ, રુચિ નથી.

'**ગાઢ રુચિ અને અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર...**' પોતાના આત્મામાં જ અતીન્દ્રિય આનંદ અને શાંતરસ પડ્યો છે. મારી શાંતિ અને આનંદ ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય મારા સિવાય, શુભરાગમાં પણ મારો આનંદ નથી તો આદર કોનો રહ્યો? સમજાણું કાંઈ? પરમ ગાઢ રુચિ. પોતાના નિર્મળાનંદ અનંત ગુણનો પ્રેમ, તેમાં આનંદનો પ્રેમ છે તો બધા ગુણનો પ્રેમ આવી ગયો.

'**તે મોક્ષનગરનો પથિક બની જાય છે.**' એ તો છૂટવાની દશાનો પથિક છે, બંધનની દશાના પથિક નથી. કેમકે આત્મા જ મુક્તસ્વરૂપ છે. રાગ, શરીર, કર્મથી મુક્તસ્વરૂપ છે. એવા મુક્તસ્વરૂપની અંતર રુચિ, દૃષ્ટિ, પરિણતિ થઈ ગઈ તો તેને મોક્ષના પંથ તરફની જ તેની પર્યાયમાં ગતિ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે.


મુમુક્ષુ : ક્યા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર : ચોથા ગુણસ્થાનની વાત કરે છે.

મુમુક્ષુ : લોકો તો સાતમે કહે છે.

ઉત્તર : દુનિયા ગમે તે કહે. પંડિતજી! અહીં તો

ભગવાન આમ કહે છે અને એમ છે. દ્રવ્ય શું ચીજ છે? આત્મદ્રવ્ય શું છે? આત્મદ્રવ્ય અર્થાત્ અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ શુદ્ધ સ્વરૂપનો પિંડ તે આત્મા. તે તો મુક્તસ્વરૂપ જ છે. આત્મા રાગ, શરીર, કર્મથી બંધાયેલો છે? વસ્તુ, વસ્તુ બંધાયેલી છે? જો વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થઈ જાય. પર્યાયમાં, એક સમયની દશામાં રાગ છે. તો પર્યાયબુદ્ધિ જ્યાં ગઈ અને વસ્તુબુદ્ધિ થઈ તો વસ્તુ તો મુક્ત છે. વસ્તુમાં બંધ છે? પદાર્થમાં બંધ છે? પદાર્થના બંધની વ્યાખ્યા શું? કે, પદાર્થ બંધનમાં છે. તેનો અર્થ કે, પદાર્થ છે જ નહિ. એમ છે જ નહિ. સમજાણું કાંઈ?



પદાર્થ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય શાશ્વત અનંત આનંદનો સાગર (છે). તેની પર્યાયમાં એક સમયનો રાગ છે, રાગમાં કર્મનું નિમિત્ત પણ છે, તે તો પર્યાયબુદ્ધિ અંશબુદ્ધિમાં દેખાય છે. પણ જ્યાં સમ્યગ્દ્રષ્ટિ એટલે દ્રવ્યદષ્ટિનું ભાન થયું, વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ થઈ તો દ્રવ્ય તો મુક્ત છે. સમજાણું કાંઈ? મુક્ત નામ પર્યાયમાં પણ મુક્તિના—છૂટવાના પંથના માર્ગે તે છે. સમ્યગ્દ્રષ્ટિ બંધાવાના માર્ગમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એ રાગ અને કર્મનો સંબંધ વસ્તુમાં ક્યાં છે? સમ્યગ્દ્રષ્ટિની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય નામ વસ્તુ, તો વસ્તુ તો પૂર્ણ મુક્ત જ છે. પૂર્ણ મુક્તની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગ અને કર્મના નિમિત્તના બંધની પર્યાયનું જ્ઞાન રહ્યું, આદર રહ્યો નહિ. સમજાણું કાંઈ? એ ભગવાનઆત્મા પોતાના પૂર્ણાનંદ અને જ્ઞાયક સ્વભાવની પ્રીતિ, ગાઢ રુચિ થઈ તો સ્વરૂપ મુક્ત છે તો પર્યાયમાં પણ મુક્તની દશા સન્મુખ મુક્તિના પંથે ચાલ્યો. એ મુક્તિમાં જાય છે, હવે મુક્તિમાં જ પર્યાય જાય છે. મુક્તિ તરફ જાય છે, બંધ તરફ નથી. જરી સમજાણું? જરી સમજાણું એમ કહે છે.

**'અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર...'** મોક્ષનગરનો પથિક (બની જાય છે). નગર નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ, મુક્ત દશા તરફની તેની ગતિ છે, બંધભાવ તરફ ગતિ નથી. સમજાણું કાંઈ? આત્માની કબુલાત હોવી જોઈએ ને? રાગ અને કર્મ નિમિત્તપણે હોવા છતાં, રાગ અવસ્થામાં હોવા છતાં વસ્તુની દૃષ્ટિ કરવી અને વસ્તુમાં દૃષ્ટિ લગાવીને સમ્યક્ પરિણમન કરવું તે તો દૃષ્ટિનું જોર છે ને? રાગ અને કર્મ હોવા છતાં મારામાં નથી. સમજાણું કાંઈ? એવી પોતાના ચૈતન્ય જ્ઞાયક ભાવની, અતીન્દ્રિય આનંદની પરમગાઢ રુચિ જામી ગઈ. બંધ છે, રાગ છે તે જાણવા લાયક છે. જાણવાનું પ્રયોજન છે, બસ! આ તરફ દૃષ્ટિ થઈ તો તે અંતર છૂટવાના માર્ગનો પથિક છે. સમ્યગ્દ્રષ્ટિ છૂટવાના માર્ગના પથિક છે. આહાહા..! એ કબૂલ કોણ કરે? સમજાણું કાંઈ? એ કોઈને પૂછવા જાવું પડે નહિ કે, હે ભગવાન! મારે કેટલા ભવ છે? પણ મારી ચીજમાં ભવ જ નથી.

કાલે આવ્યું નહિ? ભગવાનઆત્માને ભવનો પરિચય નથી. કળશમાં આવ્યું ને? બરાબર છે. વસ્તુ પદાર્થ ચૈતન્યજ્યોત અનંત ગુણનો સાર, રસકસ, એ ચીજને ભવનો ભાવ કે ભવનો બિલકુલ પરિચય નથી. એ તો પર્યાયના અંશમાં રાગનો, ભવનો પરિચય છે.

પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ છૂટી ગઈ, સ્વભાવબુદ્ધિ થઈ, એવા સ્વભાવમાં ભવનો પરિચય, ભગવાનઆત્મામાં અને આત્માને છે જ નહિ. સમ્યગ્દ્રષ્ટિને પણ ભવની શંકા નથી. એમ કહે છે. હું નિઃશંક મુક્ત થવાનો જ છું, અલ્પકાળમાં મારી મુક્તિ છે. અલ્પકાળમાં હું કેવળજ્ઞાન પામીશ. મારે બીજી વાત છે જ નહિ. સમજાણું કાંઈ? એ નિઃસંદેહપણું, નિઃશંકપણાનો અનુભવ એ તો પોતાની દૃષ્ટિનો વિષય થયો. એ કંઈ બહારની ચીજ છે? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા પોતાનો આખો ધર્મ, ધર્મ, આખા ધર્મીને ધર્મમાં ધારી લીધો, દૃષ્ટિમાં આખા આત્માને ધારી લીધો. આખો પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવી ગયો. તેમાં ભવ છે જ નહિ અને ભવના અભાવ તરફની પર્યાયમાં ગતિ થઈ ગઈ. નિઃસંદેહ થઈ ગયો. એકાદ-બે ભવ મારા પુરુષાર્થની કમી છે તો થશે, તો તે રાગને કારણે છે, મારા જ્ઞાનનું જ્ઞેય છે. મારી માલિકીની ચીજ નહિ, એ મારી ચીજ જ નથી. સહજાત્મસ્વરૂપ પૂર્ણાનંદ એ મારી ચીજ અને તેનો હું સ્વામી છું. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શનની મહત્તા શું! પછી થોડી લેશે, 'રત્નકરંડ શ્રાવકાચાર'માંથી બે ગાથા લેશે.

વસ્તુ... એક સમયની પર્યાયમાં દોષ છે, એક સમયની પર્યાયમાં દોષ છે બાકી આખો આત્મા નિર્દોષનો પિંડ છે. તો જ્યારે રુચિ એક સમયના દોષના સંબંધની રુચિ છૂટી ગઈ, મારા સ્વભાવમાં એ એક સમયનો બંધ છે જ નહિ, સ્વભાવમાં નથી. આહાહા..! એ તે કોની દૃષ્ટિ કામ આવે ત્યાં? ભગવાનના વચન ત્યાં કામ આવે? પોતાની મેળે ભગવાનઆત્મા નિઃસંદેહ થઈને પોતાનો શુદ્ધ સ્વભાવનું દૃષ્ટિમાં પરિણમન થયું તો કહે છે કે, મોક્ષનો જ પથિક છે. પડી જશે તો? પડી જવાનો પ્રશ્ન ક્યાં છે? વસ્તુ ક્યારેય પડે છે? તો વસ્તુની દૃષ્ટિ પડવાની કદી વાત જ અંદરમાં નથી. સમજાણું કાંઈ? અને પડવાની શંકા છે ત્યાં દ્રવ્યની દૃષ્ટિ રહેતી નથી. એ તો રાગમાં આવી ગયો, રાગની એકત્વબુદ્ધિમાં આવી ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : બીજા જીવો કરતા દૃષ્ટિનું જોર કાંઈ જુદી જાતનું હોય છે.

ઉત્તર : વસ્તુ જ એ છે. સમ્યગ્દર્શન સર્વમાં.. શું કીધું છે? પંડિતજી! 'કરણધાર' કહ્યું છે ને? કરણ શબ્દ છે. કંઠસ્થ નથી. મોક્ષમાર્ગમાં કરણધાર છે. ખેવટિયા છે, નાવડિયા. બધામાં નાવડિયાનાવ ચલાવનારા છે. 'કરણધાર' લીધું છે. 'સમંતભદ્રાચાર્યદેવ'. બધાનો નાવડિયો છે. ચૈતન્યની આખી નાવ, સ્વભાવ સન્મુખની ધારા ચાલે છે (તેમાં) સમ્યગ્દર્શન છે તે નાવડિયો છે, ખેવટિયો છે. ખેવટિયા સમજ્યા? પાર કરવા માટે. ઓહોહો..! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં બહુ લખાણ કર્યું છે. એના જેવો કોઈ ઉત્તમ પદાર્થ નથી. સમ્યગ્દર્શન વિના જ્ઞાન નથી, તેના વિના ચારિત્ર નથી, તેના વિના કંઈ છે જ નહિ. અને સમ્યગ્દર્શન થયું ત્યાં સર્વસ્વ થઈ ગયું. સમજ્યા?

**'તે મોક્ષનગરનો પથિક બની જાય છે. સંસાર તરફ પીઠ ફેરવી લે છે.'** લ્યો! એનો અર્થ શું? કે, વિકલ્પાદિથી ઉપેક્ષા જ રાખે છે. આહાહા..! નિર્વિકલ્પ સ્વભાવની અપેક્ષા રાખે છે અને વિકલ્પની ઉપેક્ષા કરે છે. બસ! આ વસ્તુસ્વરૂપ છે. એના ખ્યાલમાં આવવું જોઈએ ને! અંતર દૃષ્ટિમાં આવવું જોઈએ ને! એમ ને એમ બોલે તો કાંઈ પત્તો નહિ ખાય. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્ય પદાર્થ જ્ઞાયકભાવ પૂર્ણ અમૃતની, આનંદની ગાઢ રુચિ, ગાઢ રુચિ. સમજાણું કાંઈ? જેમ માખી છે તે ફટકડીનો સ્વાદ લે છે, ફટકડી હોય છે ને? ફટકડીનો સ્વાદ લે તો ખારો લાગે છે. સાકરનો આટલો ગાંગડો હોય, આટલો (હોય પણ તેની) મીઠાશમાં એવી લાગી જાય, એવી લાગી જાય કે બાળક ખાતા ખાતા તેનો હાથ લગાડે, તેની પાંખ સાકર ઉપર ચોંટી ગઈ હોય, (બાળકનો હાથ લાગે) તોપણ ખસતી નથી. મીઠાશ લાગી ગઈ છે. ફટકડીનો આવડો મોટો ગાંગડો હોય અને સાકરનો નાનો ગાંગડો હોય પણ એવી (મીઠાશ) લાગી છે. સમજાણું કાંઈ? એમ આત્મા અતીન્દ્રિય આનંદનો ઢગલો છે. માખી જેવા ચતુરઇન્દ્રિય પ્રાણીને પણ મીઠાશ લાગે ત્યાંથી રુચિ ખસતી નથી, તો આત્મા અતીન્દ્રિય આનંદનો મોટો ઢગલો (છે),

'ચાખે રસ પૂર્ણ કરે છૂટે સૂરિજન સૂરિજન ટોરી' સમજાણું કાંઈ? એ 'આનંદઘનજી' કહે છે. 'ચાખે રસ ક્યું કરી છૂટે?' ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના દર્શન થયા, પ્રતીત થઈ, સ્વાદ આવ્યો એ 'ચાખે રસ ક્યું કરી છૂટે? સૂરીજન સૂરીજન ટોરી' દેવતાની ટોળી આવે અને કહે, એમ નથી. (તો આ કહે છે), ચાલ, ચાલ! અમને જે અનુભવ થયો છે તે ચીજ બીજે ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? 'સોહાગન લાગી અનુભવ પ્રીત' સોહાગન સોહાગન કહે છે ને આ? પતિવ્રતા સ્ત્રીને સોહાગણ કહે છે. પતિ હોય ને, પતિ? તેને સૌભાગ્યવંતી કહે છે. એમ 'સોહાગણ લાગી અનુભવ પ્રીત' ભગવાનઆત્મા, એ સોહાગન પ્રીત લાગી. માથે ધણી– આત્મા દેખ્યો. સમજાણું કાંઈ? એ 'આનંદઘનજી'એ લખ્યું છે. સમજાણું કાંઈ?

**'સંસાર તરફ પીઠ ફેરવી લે છે. તેનામાં આઠ લક્ષણ અથવા ચિહ્ન પ્રગટ થઈ જાય છે.'** એ જરી લખે છે. સંવેગ હોય છે. ધર્મનો પ્રેમ, ધર્મનો વેગ. (૧) સંવેગ–જ્ઞાનીને સ્વભાવ તરફનો વેગ છે. (૨) નિર્વેદ– સંસાર તરફથી ઉદાસ છે. સંવેગ અસ્તિ છે, (નિર્વેદ) વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ આત્મા તરફનો વેગ, ગતિ, વીર્ય, રુચિ અનુયાયી વીર્ય, રુચિ અનુયાયી વીર્ય, શુદ્ધ સ્વભાવની રુચિ થઈ તો વીર્ય, રુચિને અનુસાર જ વીર્ય ગતિ કરે છે. તેનું નામ સંવેગ કહે છે. વૈરાગ્યસંસાર પરિભોગ, આખા સંસારથી વૈરાગ્ય. (આત્મામાં) સંવેગ, અહીંયાં (નિર્વેદ). **'સંસારની ચારે ગતિઓમાં આકુળતા છે. આ શરીર કારાગાર છે. ઇન્દ્રિયોના ભોગ અતૃપ્તિકારક અને નાશવંત છે.'** એવો વૈરાગ્ય (છે). વૈરાગ્ય, હોં! દ્વેષ નહિ (કે) આ વિષય આવા છે, આ શરીર આવું છે. એ તો જ્ઞેય છે. એ તરફનો પ્રેમ છે તે છૂટી ગયો છે અને સ્વભાવ તરફનો પ્રેમ થઈ ગયો છે.

(૩) નિંદા–પોતાને જરી રાગ આવે છે તો અંતરમાં ખેદ (થાય છે કે), આ શું? અરે..! આ શું? જુઓ! સમકિતીને ભોગ પણ હોય છે પણ તેમાં નિંદા (થાય) છે. અરે..! અમારી ચીજમાં અમે એકાકાર થવા માગીએ છીએ એમાં આ શું? નિંદા કરે છે.

(૪) ગર્હા–ગુરુ પાસે ગર્હા કરે છે. સમજાણું કાંઈ? પોતાની નબળાઈની નિંદા કરતા રહે છે. જુઓ! સ્વામી 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં લીધું છે, આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું, અનંતાનુબંધીનો અભાવ થયો તો પર્યાયમાં પોતાને તુચ્છ જોવે છે. અરે..! અમારી પર્યાય ઘણી ઓછી છે. ક્યાં ભગવાન કેવળજ્ઞાનીની દશા, ક્યાં સંતોની ચારિત્રની રમણતાની ઉગ્ર-ઉગ્ર સ્વસંવેદનની દશા! સમજાણું કાંઈ? એ પાંચમી (ગાથામાં) લીધું છે ને? પ્રચુર સ્વસંવેદન. ('સમયસાર'માં) 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, અમને તો અમારા ગુરુની કૃપા થઈ છે. અમને ગુરુએ ઉપદેશ આપ્યો, ભગવાન તું શુદ્ધાત્મા છો ને! લ્યો! આખું બાર અંગ એમાં આવી ગયું. અમારા ગુરુએ અમને, સર્વજ્ઞથી માંડી અમારા ગુરુ પર્યંત, અપરગુરુ... એ પાંચમી ગાથામાં આવે છે, એ સર્વજ્ઞ કે જે વિજ્ઞાનઘન છે અને અમારા ગુરુ પણ વિજ્ઞાનઘન છે. અલ્પ થોડા છે એમ નહિ, બધા વિજ્ઞાનઘન લીધા છે. એવો સંસ્કૃતમાં પાઠ છે. વિજ્ઞાનઘન-મગ્ન છે ને! એમાં લીધું. અંતર્મગ્ન, અંતરનિમગ્ન છે, એવો પાઠ છે. અપરગુરુ ભગવાનથી માંડીને અમારા ગુરુ વિજ્ઞાનઘનમાં અંતર નિમગ્ન છે. ત્યાં એટલી વ્યાખ્યા કરી. તેમણે અમારી ઉપર કૃપા કરી અમને ઉપદેશ આપ્યો. અમારી પાત્રતા હતી, એમ ન લીધું. એવો પાઠ છે. શું (ઉપદેશ) આપ્યો?

ભગવાન! તું આત્મા શુદ્ધ છો ને! આહા..! એવો ઉપદેશ આપ્યો. અને અમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું. મુનિ છે ને! સમ્યગ્દૃષ્ટિમાં સ્વસંવેદન છે, પ્રચુર નથી. મુનિ છે, ચારિત્ર દશા છે, પ્રચુર સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદન. ઓ..હો..હો...! અમારા અનુભવથી, અમારા વૈભવથી અમે કહીએ છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે કે, થોડો પણ દોષ હોય તો કમી દેખાય છે. અરે..! અમારી પર્યાય. પૂર્ણ કેવળજ્ઞાન અતીન્દ્રિય આનંદની પૂર્ણ દશા હોવી જોઈએ, (એમાં) આ શું? સમજાણું કાંઈ? એવી નિંદા (કરે છે). હોંશ ન હોય કે રાગ હો તો હો, ભલે હો, એમ નહિ. સમજાણું કાંઈ? પરમાત્મા શુદ્ધ ચૈતન્ય તરફનો ઝુકાવ છે તો રાગ તરફની નિંદા, ગર્હા થાય છે, એવું તેનું લક્ષણ છે. સમજાણું

કાંઈ?

(૫) ઉપશમ–'**આત્માનુભવના પ્રતાપે તેનામાં સહજ શાંતભાવ જાગૃત રહે છે.**' ઉપશમની વ્યાખ્યા કરી. અકષાય પરિણતિ સદાય જાગૃત રહે છે. સદાય અકષાય ભાવ સાક્ષીની જાગૃતિ છે.

(૬) ભક્તિ–'**સમ્યગ્દદષ્ટિ જીવને જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથ ગુરુ અને જિનવાણીની ગાઢ ભક્તિ હોય છે.**' શુભભાવ છે ને? શુભભાવ. '**સ્તુતિ, વંદના, પૂજા અને સ્વાધ્યાય કરતા રહે છે. તેમને મોક્ષના સહકારી જાણે છે.**' મોક્ષમાં એ નિમિત્તરૂપે ભાવ છે. એ શુભભાવ નિમિત્તરૂપે સહકારી છે. મારો સ્વભાવ સાધન છે.

(૭) વાત્સલ્ય–'**સાધર્મી ભાઈ અને બહેનો ઉપર...**' પ્રેમ છે. '**ધાર્મિક પ્રેમ રાખે છે,...**' ધાર્મિકની સાથે વાત છે ને! એમાં શું છે? હેં? સાધર્મીની વિશેષ દશા જોઈને તેને દ્વેષ નથી આવતો. (એને એમ થાય કે), ઓ..હો..! મારે પણ ઉગ્રતામાં જાવું છે, તેને ઉગ્રતા થઈ ગઈ. ધન્ય અવતાર, ભાઈ! એમ નથી કે અમારો શિષ્ય કેમ વધી ગયો? આને તો ચાર જ્ઞાન થઈ ગયા અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનની તૈયારી થઈ ગઈ. બહુ સારું, અલૌકિક વાત છે. અમારે જે જોઈએ છે તે તેને પ્રાપ્ત થાય છે, બહુ સારું. (એમ) પ્રેમ રાખે છે. સાધર્મી પ્રત્યે તેને (પ્રેમ આવે છે). (પોતાથી) અધિક જોઈને દ્વેષ નથી આવતો. લોકોમાં તો પોતા કરતા વધારે પૈસા જોવે તો દ્વેષ આવે છે. આપણી પાસે પાંચ લાખ અને એની પાસે દસ લાખ (થઈ ગયા). 'મલૂકચંદભાઈ'! તેના છોકરા પાસે એક કરોડ, બે કરોડ છે ને! તોપણ બીજા ઉપર દ્વેષ આવે કે, અમારી પાસે બે કરોડ અને એની પાસે પાંચ કરોડ? એમ દ્વેષ આવે છે. અહીંયાં તો સાધર્મીની વિશેષ ગુણની દશા જોઈને પ્રેમ આવે છે. ઓ..હો..! ધન્ય અવતાર! સમજાણું? એમ પ્રેમ છે. એમાં આવ્યું નહિ? '**न धर्मो धार्मिके बिना...**' 'રત્નકરંડ શ્રાવકાચાર'. ધર્મ કંઈ ધર્મી વિના હોતો નથી. ધર્મીજીવ વિના ધર્મ હોતો નથી તો જેને ધર્મી ઉપર પ્રેમ નથી તેને ધર્મ ઉપર પ્રેમ નથી. 'રત્નકરંડ શ્રાવકાચાર'. આચાર્યોએ તો વસ્તુના સ્વરૂપનું મહા કથન એવી પદ્ધતિથી કર્યા છે. વાત્સલ્ય છે.

(૮) અનુકંપા છે. પ્રાણીમાત્ર ઉપર દયા છે. કોઈની સાથે '**અન્યાયનો વ્યવહાર કરતા નથી.**' એમ લીધું છે. પછી લીધું છે, સમ્યગ્દદષ્ટિને ૪૧ પ્રકૃતિનો બંધ નથી.

'**તે તો દેવગતિ અથવા મનુષ્ય ગતિમાં જ જન્મ લે છે. જો તિર્યંચ કે મનુષ્ય સમ્યગ્દૃષ્ટિ થાય તો તે સ્વર્ગના દેવ થાય છે. જો નારકી દેવ સમ્યગ્દૃષ્ટિ થાય તો ઉત્તમ મનુષ્ય થાય છે. સમ્યક્ત્વ પામ્યા પહેલાં જો તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બાંધી લીધું હોય તો ભોગ ભૂમિમાં તિર્યંચ કે મનુષ્ય તરીકે જન્મે છે અને જો નરકનું આયુષ્ય બાંધી લીધું હોય તો સમ્યક્ત્વ સહિત પહેલી નરકમાં જન્મે છે. ત્યાં પણ સમભાવથી દુઃખ સુખ ભોગવી લે છે. સમ્યગ્દૃષ્ટિ સદાય સુખી રહે છે.**'

'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખમેં ગટાગટી'. લ્યો, આ લાકો કહે છે, સમકિત એટલે શ્રદ્ધા. એમ નથી, ભગવાન! જુઓ! 'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખ મેં ગટાગટી.' અંતર આનંદના પ્રેમની અધિકતામાં તેને આનંદ છે. જેટલો કષાયભાવ છે તેટલું દુઃખ છે. તેની ગૌણતા કરીને પોતાની અધિકતા સ્વભાવ તરફ કરે છે. સમજાણું કાંઈ? (સમ્યગ્દૃષ્ટિ) મનુષ્ય નરકમાં જાય તોપણ સુખી છે અને મિથ્યાદષ્ટિ નવમી ગ્રૈવેયકે જાય તોપણ દુઃખી છે. એ અહીંયાં કહે છે. કહ્યું ને?

'**सम्माइट्ठी–जीवडई, दुग्गई–गमणु ण होइ**' અને કદાચિત્ જાય તો શું છે? એ તો .. જાય છે. સમયે સમયે જડ કર્મની નિર્જરા થાય છે અને રાગની અશુદ્ધતાની પણ નિર્જરા થાય છે. 'નિર્જરા અધિકાર'માં આવ્યું ને? ભાવ અશુદ્ધિની પણ નિર્જરા થાય છે અને દ્રવ્યકર્મની પણ નિર્જરા થાય છે. પહેલી ગાથામાં દ્રવ્યકર્મની નિર્જરા કહી, બીજી ગાથામાં ભાવકર્મની (નિર્જરા) કહી. ક્ષણે ક્ષણે અશુદ્ધતા ખરે છે અને દ્રવ્યકર્મના રજકણ પણ ખરે છે. સ્વભાવ તરફની અધિક દશા છે ને! તો કહે છે...

'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે' દાખલો આપ્યો છે. '**સમ્યગ્દર્શનથી શુદ્ધ જીવ વ્રતરહિત હોવા છતાં પણ...**' લ્યો! ભગવાનઆત્મા, જેને અંતર સમ્યગ્દર્શન

સૂર્ય પ્રગટ થયો, સમ્યગ્દર્શન-રવિ પ્રગટ થયો. '**વ્રતરહિત હોવા છતાં પણ એવા પાપ નથી બાંધતો જેનાથી તે નારકી થાય,...**' એવા પાપ નથી. '**તિર્યંચ થાય, નપુંસક થાય, સ્ત્રી થાય, નીચ કુળમાં જન્મ લે,...**' અરે..! '**અંગહીન હોય,...**' એવા કર્મ નથી બાંધતો. પોતાના પૂર્ણ પરમાત્મ સ્વભાવનું દૃષ્ટિમાં ભાન થયું પછી વળી બહારના અંગ હીન મળે એવા પુણ્ય શા માટે બાંધે? સમજાણું કાંઈ? '**અલ્પાયુવાળો...**' હોય એમ નહિ અને '**દરિદ્રી..**' ન થાય.

'**સમ્યગ્દર્શનથી પવિત્ર જીવ ઓજ,...**' ઓજ.. ઓજ.. ઓજસ્વી પરાક્રમી દેખાય. નમાલા જેવા ન દેખાય. પોતાના પુરુષાર્થનું પરાક્રમ અંદરથી, હોં! બહારના પરાક્રમની વાત નથી. '**તેજ...**' પ્રતાપ, અંતર પ્રતાપ (હોય). પ્રભુત્વશક્તિ ખીલી છે ને! પ્રભુત્વશક્તિનો અર્થ 'અમૃતચંદ્રાચાર્યદેવે' એવો (કર્યો છે કે), સ્વતંત્રતાથી શોભિત અખંડ પ્રતાપ, જેનો પ્રતાપ કોઈ ખંડ ન કરી શકે (એવી) પ્રભુતા શક્તિ આત્માની છે. એવા શક્તિવાનનું ભાન થયું તો પોતાનો પ્રતાપથી બીજાનો પ્રતાપ તેમાં લાગુ પડતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**વિદ્યા...**' જુઓ! સમ્યગ્દૃષ્ટિ સારી વિદ્યામાં ઉત્પન્ન થાય છે. ઓજ લઈને ગયા છે ને! '**વીર્ય...**' પુરુષાર્થ.. પુરુષાર્થબળ. '**યશ...**' સમ્યગ્દૃષ્ટિ પુણ્ય બાંધે તેમાં યશ જ હોય. શું તે પાપી છે? સમજાણું કાંઈ? 'શ્રેણિક' (રાજા) સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર ગોત્ર બાંધીને ગયા છે. બહાર નીકળશે (પછી) તીર્થંકર (થશે). ઓહોહો..! માતાના પેટમાં આવ્યા પહેલા છ મહિના પહેલા દેવો આવશે. અહો..! માતા! હે રત્નકૂખધારિણી! રત્નને કૂખમાં ધરનારી માતાજનેતા તારી કૂખે ભગવાન આવે છે. મોટો માણસ આવે ત્યારે પહેલા સાફ કરવા નથી જતા? કોઈ માણસ આવવાનો હોય તો બે કલાક, ચાર કલાક પહેલા જમીન સાફ કરે, પાણીનો ગોળો ભરે, કરે છે કે નહિ અહીં? રાજા આવતા હોય તો સાફ કરે. મકાન-બકાન સાફ કરે. એમ કંઈ આવે? ત્રણલોકના નાથ ભલે નરકમાંથી આવે. આહાહા..! માતા! તમારું પેટ સાફ કરવા આવશે. કોણ આવે છે? ત્રિલોકનાથ ભગવાન. એટલા પુણ્ય. સમ્યગ્દર્શન સહિત શું નીચ ગતિ, હલકી ગતિમાં જાય? અને હલકી ગતિ નરકમાં ગયા તોપણ કર્મની નિર્જરાને કારણે ગયા છે, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

'**વૃદ્ધિ...**' વૃદ્ધિ.. વૃદ્ધિ. એને શુદ્ધિની વૃદ્ધિ જ થાય છે. બાહ્યના પુણ્યની પણ વૃદ્ધિ થાય છે. '**અને વિજય પ્રાપ્ત કરનાર...**' છે. પોતાનો વિજય છે. અમે કદી પડવાના નથી. અમારો વિજય છે, અમારો વિજય છે. અમારી ધજા ઉપર છે. '**णाणसहावाधियं मुणदि आदं**' રાજાની ધજા ઉપર હોય છે ને? એમ અમારો જય છે, વિજય છે. રાગનો, કર્મનો પરાજય છે. મૂઢ (એમ કહે), કર્મ એવા આવે છે, મને મારી નાખે છે. એલા..! કર્મમાં તું શક્તિ માને છે અને તારામાં શક્તિ નથી? સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્ય છે. એનામાં શક્તિ (માને છે), અરે..! ભગવાન! આવા કર્મ છે. હું એવો પુરુષાર્થ કરું કે, ક્ષણમાં કેવળજ્ઞાન લઉં, એમ કેમ નથી લેતો? સમજાણું કાંઈ? મારા આત્મામાં એક ક્ષણમાં એવો ઉગ્રપણે ઝુકી જાઉં કે સર્વજ્ઞપદ (પ્રગટ થઈ જાય). સર્વજ્ઞપદ પડ્યું છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. તેને એવી શંકા નથી થતી કે, મને કર્મ આવશે ને પેલા આવશે, એવી શંકા ધર્મીને થતી નથી. વૃદ્ધિ જ થાય છે, વિજય પ્રાપ્ત (કરનાર છે).

'**મહા કુળવાન,...**' સમ્યગ્દૃષ્ટિ મહા કુળવાનમાં ઉત્પન્ન થાય છે. હલકા કુળમાં (ન આવે). '**મહા ધનવાન...**' પછીની વાત છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી મહા ધનવાન (થાય). '**મનુષ્યોમાં મુખ્ય થાય છે.**' અહીંયાં આત્માને મુખ્ય કર્યો તો બહારમાં પણ બધામાં મુખ્ય કેમ ન થાય? એવા પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૫૨ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૫–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૧૦ (વિષય : માર્ગદર્શન)**

**પ્રશ્ન :– તત્ત્વનું શ્રવણ–મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?**

**ઉત્તર :– ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન–શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૫૨.**

(૨૨:૦૦ મિનિટથી...)

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ક્ષયોપશમમાં એટલે શું કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર જીવ હોય અને શાસ્ત્ર વાંચતા વાંચતા એનો ક્ષયોપશમ વધારે વિકાસ થતો એને અનુભવગોચર થાય, જણાય, ત્યારે એનો પણ રસ ચડે છે. ઘણું વાંચે, ઘણું સાંભળે, વક્તા હોય તો ઘણું બોલે અને લેખક હોય તો ઘણું લખે.

મુમુક્ષુ :– શ્રોતા હોય તો ઘણું સાંભળે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અને એનો એને રસ આવે. તત્ત્વજ્ઞાનના વિષયમાં ઇન્દ્રિયજ્ઞાનની જે પ્રવૃત્તિ થાય એનો એને રસ ચડે. એને અતીન્દ્રિય જ્ઞાનનો રસ નહિ ચડે. રાગરસ છે અને એ ઇન્દ્રિયજ્ઞાનનો ક્ષયોપશમ રસ છે. રાગ તો છે જ સાથે. રાગરસ તો ત્યાં વધ્યો જ છે. કેમકે એ તો બહિર્મુખ જ્ઞાન છે એટલે રાગ ઉત્પન્ન ન થાય અને રાગરસ ન વધે એમ ન બને. પણ ત્યાં રાગ તીવ્ર નથી થતો. રાગ મંદ રહે છે અને રાગરસ તીવ્ર થાય છે. તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિ હોવાથી મંદ રાગ થાય, કષાય મંદ રહે અને રાગરસ તીવ્ર થાય. એવું જ બાહ્ય ત્યાગ, સંયમ, વ્રત, નિયમમાં એવું છે કે રાગ મંદ થાય અને રાગરસ તીવ્ર થાય. રાગ મંદ રહે અને ક્રિયાનો રાગરસ તીવ્ર થાય. અને ક્ષયોપશમજ્ઞાનમાં પણ એને એમ લાગે કે મારું જ્ઞાન અને મારી બુદ્ધિ ઘણી વધી છે. એનો આધાર લઈને એને રસ ચડે કે બીજાઓને આટલું વિશાળ જ્ઞાન નથી. મારી પાસે જે શબ્દ ભંડોળ છે (એનાથી) એક વાત કરવા માટે એને સંખ્યાબંધ શબ્દોથી વ્યક્ત કરી શકું. સંખ્યાબંધ દૃષ્ટાંતો આપી શકાય, સંખ્યાબંધ એ વિષયને સિદ્ધ કરવા માટે તર્ક આપી શકાય અનેક પ્રકારે. એનો રસ ચડે, બુદ્ધિનો રસ ચડે. એને પણ બુદ્ધિથી પાર જે અતીન્દ્રિય આત્મતત્ત્વ છે એના અતીન્દ્રિય પરિણમનનો એમાં રસ આવશે નહિ. એ દૂર ચાલ્યો જશે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– અંદરનો ક્ષયોપશમ નથી, અંદરનો તો આત્મભાવ છે. ક્ષયોપશમ છે એ તો બહારનો બહિર્મુખ ભાવ છે. અંદર જે સૂઝ આવે છે અને સ્વસ્થાન હાથમાં આવે છે એને ક્ષયોપશમ ન કહીએ. ક્ષયોપશમ તો બહારમાં

બધો કામ કરે એ ક્ષયોપશમ છે, બહારનો ક્ષયોપશમ છે. અંદરમાં તો ઉપશમભાવ છે ખરેખર તો. પછી સમ્યગ્દૃષ્ટિને ક્ષયોપશમ શ્રદ્ધાન છે, જ્ઞાન ક્ષયોપશમ શ્રદ્ધાન છે, ચારિત્ર ક્ષયોપશમભાવે હોય છે, વીર્ય ક્ષયોપશમભાવે હોય છે. એ અંદરનો ક્ષયોપશમ કહેવાય. પણ સામાન્ય રીતે પ્રસિદ્ધ એવું છે કે ક્ષયોપશમ એટલે બહારનો વિષય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રસમાં તો બધા ગુણના પરિણામ છે. જ્યારે રસ એમ કહેવામાં આવે ત્યારે એમાં તો બધાય ગુણ એકસાથે, એક સાથે લીન થાય છે રસની અંદર. સર્વ ગુણો નિમગ્ન થાય છે. એટલે એવું બતાવવા માટે એમ કહેવામાં આવે છે કે એને રસ ચડ્યો છે. આખો આત્મા એ બાજુ આવી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સર્વ ગુણો. બધા જ ગુણો એક વિષયમાં નિમગ્ન થાય ત્યારે તેને તે વિષયનો રસ ચડ્યો છે, રસ આવ્યો છે એમ કહેવામાં આવે છે. એ રસ વિદ્યમાન છે એનું ઉપલક્ષણ એ છે કે એ રસના કાળમાં એને સમય પસાર થાય એની ખબર રહેતી નથી. કેટલો સમય ચાલ્યો જાય. જેમકે કષાયની મંદતામાં ઘણો કાળ ચાલ્યો જાય. આખું આયુષ્ય ચાલ્યું જાય, ખબર ન પડે. તીવ્ર કષાય થતાં દુઃખ વધે ત્યારે એને ક્ષણ ક્ષણ જવી આકરી લાગે. નથી કહેતા? વેદનામાં તો એક એક ક્ષણ જતી નથી, વર્ષ જેવી લાગે છે. અને કષાયની મંદતામાં એને કેટલો કાળ ચાલ્યો જાય એની ખબર પડે નહિ. કેમકે એમાં એને રસ પડે છે. એટલે એને ખબર રહેતી નથી કે આ કેટલો સમય અંદર ચાલ્યો જાય છે.

એવી રીતે અશુભમાં પણ તીવ્ર રસ પડે છે ત્યારે એને ખબર પડતી નથી. દેવલોકમાં જે મોટા નાટકો થાય છે એ નાટારંગ એવા હોય છે. ત્યાં તો બધા સાધનો દૈવી સાધનો છે, અહીંના જેવા નથી ગડબડવાળા બધા. ઘડીક ખોટવાય જાય, ઘડીક લાઈટ બંધ થઈ જાય, ઘડીક દોરી તૂટી જાય. ત્યાં તો બધું દૈવી પુણ્ય અનુસાર છે. દસ-દસ હજાર વર્ષ સુધી નાટક ચાલતા હોય. ખબર પડે નહિ દસ હજાર વર્ષ ક્યાં ગયા એ. ખાવા-પીવાની ઉપાધિ હોતી નથી. આહાર-નિહારની ઉપાધિ ન હોય. હજારો વર્ષ નાટકમાં ચાલ્યા જાય. ખબર પડે નહિ. બસ, એને એ રસ ચડે છે એમાં. કેટલો ટાઈમ ગયો એની ખબર પડે નહિ. એવા સાગરોપમના જે આયુષ્ય છે, પલ્યોપમના આયુષ્ય છે એ બધા એની અંદર પૂરા થતા વાર લાગતી નથી. છ મહિના પહેલા એને ખબર પડે. માળા કરમાય છે. નહિતર માળા એની કરમાતી નથી. ફૂલની માળા હોય. અહીંયાં ફૂલ તો સવારના સાંજે કરમાય જાય, સાચવવા પડે. ત્યાં એ પ્રકાર નથી. પણ ત્યારે એને અવધિજ્ઞાન હોય છે (એટલે) તરત ખબર પડે છે. છ મહિનાની અવધિનો ખ્યાલ આવી જાય છે. ઉપયોગ મૂકે છે. બસ ખલાસ. છ મહિના તો કાંઈ નહિ. આંખના પલકારામાં પૂરા થઈ જાય. ત્યારે એને અત્યંત આકુળતા થઈ આવે છે. કેમકે એ દેવની પર્યાયમાં જે એણે રસ લીધો છે એ સંયોગો એને છોડવા ગમતા નથી. જેમ અહીંયાં કુટુંબ, પરિવાર, દીકરા, દીકરી, બીજું, ત્રીજું કાંઈ છોડવું ગમતું નથી, એમ ત્યાં પણ એની જે કાંઈ સૃષ્ટિ એણે રચી છે, માની છે એ પોતાની દુનિયામાંથી એને છૂટવું ગમતું નથી. અને અનિવાર્યપણે છૂટી જવાશે એમ એને ખબર પડે છે એટલે તીવ્ર દુઃખમાં એ પરિણમે છે અને એકેન્દ્રિય આદિમાં ચાલ્યા જાય છે. આ પરિસ્થિતિ છે.

અન્યમતિઓમાં એવો ટેક હોય છે અંધ-શ્રદ્ધાળુઓમાં. ગમે તેવા ઘરે લગન હોય, ગમે તેવું કામ હોય. એ સવારમાં એને જે નિત્યક્રમ કરવાનો એ કરવાનો. અને ઘરના, કુટુંબના અને પરિવારના બધા જાણે. એમાં એને કાંઈ નહિ કહેવાય. એ કર્યા પછી બીજું બધું કરશે. એટલે એક છાપ પડી ગઈ હોય પછી એને કોઈ વતાવે નહિ કે કેમ તમે હાજર નહોતા રહ્યા. ભાઈ અત્યારે તો એનો આ ટાઈમ છે. એમ એ ટેક કરી નાખવી જોઈએ.

મુમુક્ષુ :- આપણામાં છે. પ્રક્ષાલ, પૂજા સવારે કર્યા

સિવાય બીજું કામ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કરાય છે. એ ભગવાનની પ્રતિમાની પ્રક્ષાલ, પૂજા છે. આ સ્વાધ્યાય છે એ આત્માનો પ્રક્ષાલ છે. શુદ્ધિ—આત્મશુદ્ધિની આ પ્રક્રિયા છે. એ રોજ નિયમિતપણે, આહાર ન લેવાય તો ભલે. આ તો કરવું, કરવું ને કરવું.

.. ક્ષયોપશમ જ્ઞાનનો જેને રસ ચડ્યો છે એને આત્માનો રસ નહિ ચડે. આ બાજુ છે, ડાબા હાથ બાજુ બોલ આવે છે.

મુમુક્ષુ :- ૨૪૧.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૪૧માં તો નહિ હોય કાંઈ. હમણા નથી આવ્યો. એ તો રાગની મીઠાશ છે. આ તો ક્ષયોપશમ જ્ઞાનની વાત છે.

મુમુક્ષુ :- પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ જીવને મારી નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પરસત્તાવલંબી જ્ઞાન કહો કે ક્ષયોપશમ જ્ઞાન કહો. છે એમાં?

મુમુક્ષુ :- ... પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા તો જણાય નહિ. આ તો સ્પષ્ટ શબ્દો પડ્યા છે (કે) જેને ક્ષયોપશમ જ્ઞાનનો રસ ચડ્યો છે તેને આત્માનો રસ નહિ ચડે. એવા શબ્દો જ છે ગુરુદેવના. એક્ઝેટ એવા શબ્દો છે. આ તો આટલો જ ટૂકડો છે લ્યો બે-ત્રણ લીટીનો. જેને ક્ષયોપશમ જ્ઞાનનો રસ ચડ્યો છે તેને અતીન્દ્રિય આત્માના જ્ઞાનનો રસ નહિ ચડે. એવી પદ્ધતિથી વાત આવી છે એકદમ ચોખ્ખી. અત્યારે હાથ નથી આવતું.

હવે કોઈ એમ આમાં વિચાર કરે, ચાલુ મુદ્દા ઉપર વિચારીએ કે રાગ થાય છે અને રાગનું દુઃખ પણ લાગતું નથી. થાક લાગવાનો પ્રશ્ન તો પછી છે. ઘણું દુઃખ લાગે ત્યારે થાક લાગે. પણ રાગ થાય છે અને રાગનું દુઃખ તો અંદરમાં લાગતું નથી. તો અમારે શું કરવું ? ઠીક ! ભાઈ ! પ્રશ્ન ઉઠાવવો જોઈએ કે નહિ ? અહીંયાં એટલી વાત આવી કે શ્રવણ-મનન કરવા છતાં, તત્ત્વનો અભ્યાસ કરવા છતાં, ટૂંકામાં, સમ્યગ્દર્શન કેમ થતું નથી? તો ગુરુદેવશ્રીએ ઉત્તર આપ્યો કે અંતરથી રાગના દુઃખનો થાક લાગવો જોઈએ. કોઈ જીવ જરાક અંદર જોઈએ લ્યે, તપાસી લ્યે કે આખો દિવસ રાગ થાય છે પણ એનું તો કાંઈ દુઃખ લાગતું નથી. અને થાક લાગવાનો તો પ્રશ્ન જ નથી. દુઃખ નથી લાગતું પછી થાક લાગવાનો પ્રશ્ન નથી. અને જ્યાં રસ હોય ત્યાં થાક ન લાગે. જ્યાં સુધી રસ લંબાય ત્યાં સુધી થાક ન લાગે.

પાંચ વર્ષનું છોકરું હોય. એક કીલો વજન ઉપાડે, માંડ માંડ ઉપાડી શકે એવું હોય, પણ એ કહે ના, એ થેલી મારે જ ઉપાડવી છે. હઠ કરે. સાથે શાક લેવા લઈ જાયને. શાકની થેલીમાં કીલો વજન હોય. એ હું ઉપાડીશ. પણ તું નહિ ઉપાડી શકે. અરે..! હું ઉપાડીને હું દોડું, જુઓ આ ઉપાડીને દોડું. થોડેક જાય ત્યાં ઊભો રહી જાય થાક લાગે એટલે. એ થોડુંક ચાલ્યો એનો અર્થ શું? કે આ તો મારે જ ઉપાડવું છે. એમ ઉપાધિનો બોજો, રાગરૂપ ઉપાધિનો બોજો રસથી જ્યાં સુધી ઉપાડે છે ત્યાં સુધી એને થાક લાગતો નથી. થાક લાગતો નથી એનો અર્થ એ થાય છે કે એને રસ આવે છે. આ બહુ પ્રેક્ટિકલ સાઈડ છે આની.

કોઈ, આ ઉત્તરથી અંદરમાં વિચારે કે ગુરુદેવે આવો જવાબ આપ્યો કે થાક તો લાગતો નથી. તો નક્કી કર કે તને રસ આવે છે. બે વાત આમાં લેવી છે આપણે. જરાક પૃથક્કરણ કરવું છે કે એક તો તને થાક લાગતો નથી એનો અર્થ રસ આવે છે અને તને દુઃખ લાગતું નથી એનો અર્થ કે દુઃખ હોવા છતાં તારા જ્ઞાનના વિપર્યાસને લઈને તને દુઃખ, દુઃખરૂપે જણાતુ નથી. આમ છે. જે રાગાદિ પરિણામમાં એને દુઃખ જણાવું જોઈએ, કેમકે દુઃખ છે માટે દુઃખ જણાવું જોઈએ, એ દુઃખ, દુઃખરૂપે ન જણાય એનો અર્થ એ છે કે એનું જ્ઞાન પણ ત્યાં રાગરસથી મેલું થયેલું મલિન જ્ઞાન છે. અરીસો મેલો હોય તો એમાં પ્રતિબિંબ પડે નહિ. ઉપર માટી લાગેલી હોય તો એની અંદર પ્રતિબિંબ ન દેખાય. સાફ થાય તો અંદર પ્રતિબિંબ પડે. એમ રાગરસ મંદ પડે, રાગ નહિ, હોં ! રાગ તો મંદ

તો અનંત વાર પડ્યો, રાગરસ મંદ પડે અને તે પણ યથાર્થ પ્રકારે. યથાર્થ પ્રકારે એટલે આત્માના હિતના પ્રયોજનપૂર્વક. આત્માના હિતના લક્ષે જો એનો રાગરસ મંદ પડે તો એના જ્ઞાનમાં ચાલુ રાગ દુઃખરૂપ એને લાગવા લાગે. એ દુઃખરૂપે લાગતો જે રાગ એ લાંબો ચાલે તો એને થાક લાગે. દુઃખ લંબાય તો એમાં એ થાકી જાય. એ જો થાક લાગે એવી સ્થિતિ આવે તો એને અંદરમાં ધ્રુવ આત્મા જે વિસામાનું સ્થાન છે એ એના જ્ઞાનમાં ગ્રહણ થાય. કેમકે જ્ઞાન ત્યાં ચોખ્ખું થયું છે. આ બાજુ એને રાગ દુઃખરૂપ લાગે તો આ બાજુ એને જ્ઞાનસ્વભાવ જે આત્મા છે એ આવો છે એમ એને ભાસ્યમાન થાય, ગ્રહણ થાય. નહિતર એને આત્માનો અંદરમાં પત્તો લાગે નહિ.

એકવાર રાજકોટના વાંચનમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો. ૫-૭ વર્ષ પહેલા રાજકોટ જવાનું થયું. વાંચન ચાલ્યું, કહ્યું આપણે અહીંયાં બહુ જૂનું મંડળ છે. બધા બુદ્ધિશાળી માણસો આપણે સાંભળીએ છીએ, પ્રત્યક્ષ ગુરુદેવને સાંભળીએ છીએ. આવી અનુભવપૂર્ણ વાણી આપણને મળે છે. બુદ્ધિ પણ આપણી બરાબર પહોંચી વળે એવી તીક્ષ્ણ છે, વિશાળ છે તો પછી આ જેવો આત્મા ગુરુદેવ દર્શાવે છે એવો અંદરમાં, એવો જ હું છું એમ કેમ આવતું નથી, ભાસતું નથી? આવતું નથી એટલે ભાસતું નથી, ભાસતું નથી એટલે લાગતું નથી. અસ્તિત્વ કેમ પકડાતું નથી ટૂંકામાં? એનું કારણ એ છે કે રાગરસ આડો પડ્યો છે. એ મોટી દિવાલ છે. એ દિવાલ જ્યાં સુધી તૂટે નહિ ત્યાં સુધી એની પાછળ ઓઝલમાં રહેલો જે આત્મા એ ભાસ્યમાન થઈ શકે નહિ.

બીજી રીતે શું વિપર્યાસ છે એમાં? કે રાગમાં દુઃખ હોવા છતાં એને સુખ લાગે છે. એ ભ્રાંતિ છે. જ્ઞાનનો વિપર્યાસ એટલે ભ્રાંતિ. જ્ઞાનનો વિપર્યાસ તે ભ્રાંતિ. રાગ દુઃખરૂપ હોવા છતાં એને કેટલોક રાગ સુખરૂપ અનુભવાય છે, સુખ લાગે છે એમાં. ભ્રાંતિગતપણે લાગેલું જે સુખ જ્યાં સુધી સુખરૂપે લાગે ત્યાં સુધી આત્મા ભાસ્યમાન થાય નહિ. આ એનો નિયમ છે, સિદ્ધાંત છે.

શ્રીમદ્જી તો ત્યાં સુધી લખે છે કે આત્મા તો ભાસ્યમાન થાય નહિ, પણ એને સત્સંગનું એટલે સત્પુરુષના યોગનું માહાત્મ્ય, તે પણ યથાર્થ પ્રકારે ભાસ્યમાન થાય નહિ. બે મુદ્દા લઈ લીધા છે. બોલ તો એ કાલે જ જોયો હતો. અગાઉ કોઈ કોઈવાર વાંચ્યું હતું. ૩૩૧ છે. '**ભ્રાંતિગતપણે, સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગો અને પ્રકારો...**' શુભ અને અશુભ બંને. એમાં ભ્રાંતિગતપણે સુખ લાગે છે, ભાસે છે. ભાસે છે એટલે લાગે છે. એવા અનેક ઉદયના પ્રસંગો અને પ્રકારો, તેમાં '**જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે...**' મૂળ શબ્દ લખે છે વહાલપ વર્તે છે એટલે મીઠાશ વર્તે છે એટલે કે સુખ ભાસે છે. '**ત્યાં સુધી જીવને પોતાનું (મૂળ)સ્વરૂપ ભાસવુ અસંભવિત છે,...** ' આ સિદ્ધાંત છે. '**ત્યાં સુધી જીવને પોતાનું (મૂળ) સ્વરૂપ ભાસવું અસંભવિત છે,...**' એટલું જ નહિ. '**અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે.**' એકના બદલે બે બોલ લીધા છે. ઉપાદાનમાં પોતાનું ઉપાદાન જે સ્વરૂપે છે તે સ્વરૂપે નહિ ભાસે. નિમિત્તમાં સત્સંગ છે તે જે સ્વરૂપે છે તે સ્વરૂપે નહિ ભાસે. આ મારા અનંત જન્મ-મરણના નાશનું નિમિત્ત છે એમ જે એને માહાત્મ્ય આવવું જોઈએ એ માહાત્મ્ય એને આવશે નહિ.

એટલે '**જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત...**' એટલે આત્માના મીઠાશમાં એ મીઠાશ બદલીને નહિ ચાલી જાય એટલે આત્મહિતમાં એ મીઠાશ નહિ આવે '**ત્યાં સુધી ખચીત કરીને અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.** ' ત્યાં સુધી આ જીવે ખચીત પુરુષાર્થ કરવો જોઈએ, ચોક્કસ પુરુષાર્થ કરવો જોઈએ એમ અમને લાગે છે. '**આ વાત ત્રણે કાળને વિષે...**' સિદ્ધાંતિક છે એમ કહેવું છે. '**અવિસંવાદ જાણીને...**' એમાં કોઈ વિસંવાદનો

અવકાશ નથી એમ જાણીને '**નિષ્કામપણે લખી છે.**' અમારે કોઈ એમાં કારણ છે નહિ. નિષ્કામપણે લખી છે. કોઈ ઇચ્છા રાખી નથી અંદરમાં. આમ કહેવા પાછળ અમારે કોઈ બીજી ઇચ્છા નથી. ખાલી માર્ગ બતાવવો છે નિસ્પૃહબુદ્ધિથી.

બહુ વિચારણીય આ વિષય છે કે એક વાત આપણે એ લીધી કે રાગનો રસ ચડે છે ત્યાં સુધી થાક લાગતો નથી. અને પોતે રાગમાં દુઃખ છે કે સુખ છે એ તપાસતો નથી એટલે જોવા ઊભો રહેતો નથી. અહીંયાં એક પુરુષાર્થનો વિષય આવ્યોને એના ઉપરથી થોડો વિચાર લંબાય છે કે પુરુષાર્થ કરવો જોઈએ, ખચીત પુરુષાર્થ કરવો જોઈએ એટલે શું અહીંયાં? પુરુષાર્થ કરવો જોઈએ, આ તબક્કે પુરુષાર્થ કરવો જોઈએ, આ સ્ટેજમાં પુરુષાર્થ કરવો જોઈએ એટલે શું?

આ સ્ટેજની અંદર જે રાગ વિદ્યમાન વર્તી રહ્યો છે એ રાગમાં એને દુઃખ છે કે નહિ એ વાત જ્યાં સુધી એને લાગે નહિ ત્યાં સુધી એના વિશ્લેષણમાં, એના તપાસમાં, એના અવલોકનમાં, ચાલતા રાગને તપાસવા અને અવલોકવામાં એને ઊભા રહી જવું જોઈએ. આ શું કહે છે આ? રાગ દુઃખરૂપ છે અને મને દુઃખ લાગતું નથી. આ ભ્રાંતિ? આ હું છેતરાય જાવ છું? બહારમાં કોક ચાર આનામાં છેતરાય જાય તો એને ચાનક ચડી જાય કે બાર આનાનું તરબુચ (અને) રૂપિયો લઈ લીધો મારી પાસેથી? આ બાજુવાળો બાર આના વેચે અને આણે મને રૂપિયામાં આપ્યું? ચાર આનામાં મને છેતર્યો. એને ચાનક ચડે છે.

અહીંયાં ભ્રાંતિમાં ક્ષણે ક્ષણે દુઃખમાં સુખની ભ્રાંતિથી છેતરાય છે એને એ જોતો નથી, તપાસતો નથી, તપાસમાં ઊભો રહેતો નથી. એટલો એને રાગનો વેગ ચડેલો છે. જ્યારે કોઈ દોડે છે ત્યારે એ દોડતા દોડતા કોઈ વાત તપાસાય નહિ. એમ પરિણામમાં વેગ હોય ત્યારે એ પરિણામને તપાસી શકતો નથી. આ એક એનો નિયમ છે. એમાં પણ જ્યારે પોતાના પરિણામમાં રહેલા તત્ત્વની તળિયાથી તપાસ કરવી હોય ત્યારે તો એણે એકદમ વેગમાંથી ઊભું રહી જવું જોઈએ.

એક માણસ કહે કે મને તરસ લાગી છે. જ્યારે એને તરસ લાગી હતી ત્યારે એ ઘોડા ઉપર મારતે ઘોડે જાતો હતો. મારતે ઘોડે એટલા માટે જાતો હતો કે ક્યાંય જળાશય હોય તો જલ્દી એને હાથમાં આવે. એમાં એક કૂવો રસ્તામાં જોયો સાઈડમાં. કૂવો જોયો ત્યારે એને દ્વિધા થઈ ગઈ કે જો હું મારતે ઘોડે આગળ વધીશ તો ક્યાંક જળાશય હશે એ જલ્દી મને મળી જશે. અને આ કૂવામાં પાણી હશે કે નહિ હોય? નહિ હોય તો મારો ટાઈમ બગડશે અને હશે તો મને પાણી મળશે. હવે શું કરવું એને? કે જો ભાઈ! તારે ખરેખર પાણીની ગરજ હોય તો એકવાર તો તારે હેઠે ઉતરીને તળિયું જોવું પડશે. એમ તું રાગની ક્રિયામાં મારતે ઘોડે જાય છે. આટલા શાસ્ત્રો વાંચી નાખું અને આટલી ક્રિયા કરી નાખું. આમ કરી નાખું ને તેમ કરી નાખું. એમ બહારમાં મારતે ઘોડે જાય છે. પણ અહીંયાં કહે છે કે ઊભો રહે, ઊભો રહે તું. તારા રાગની અંદરથી તળિયું તપાસ. એમાં દુઃખ છે. મૂળ એમાં દુઃખ છે. જે હયાત છે, વિદ્યમાન છે, પ્રગટ છે, અનુભવ–ગોચર છે એવું જે દુઃખ. હયાત છે કે નહિ? એને તો તું જોતો નથી. એ સ્થૂળ ભાવ છે. દુઃખભાવ છે એ તો સ્થૂળ ભાવ છે. જે સ્થૂળ તત્ત્વ તને જ્ઞાનમાં આવતું નથી, પકડાતું નથી તો સૂક્ષ્માતિસૂક્ષ્મ એવો જે સ્વભાવ, આત્મસ્વભાવ એ તને ક્યાંથી પકડાશે ? એ તને કોઈ રીતે ગ્રહણ થશે નહિ. એટલે એને શું કરવું જોઈએ?

પહેલો પુરુષાર્થ એ છે કે એને રાગમાં દુઃખ સહજપણે લાગવું જોઈએ એ સહજ ન લાગે તો એને એ દુઃખ કેમ લાગતું નથી એની તપાસ કરવી જોઈએ. ધીરો થઈને પુરુષાર્થ એને ત્યાં લગાવવો જોઈએ, જ્ઞાન એને ત્યાં જોડવું જોઈએ કે આ દુઃખ નહિ લાગે ત્યાં સુધી કોઈ વાત આગળની નિશ્ચયનય ને, વ્યવહારનય ને, વિષય ને એનું આમ ને તેમ ને આંટી ને ઘૂંટી ને કાંઈ એ શીખી લે અને સમજી લે એ પત્તો લાગવાનો નથી. એ કાંઈ નહિ આવડતું

હોય નયવિવિક્ષા, પણ જો અંદરમાં રાગનું દુઃખ લાગ્યું તો ત્યાંથી છૂટીને આત્મામાં આવી જશે.

ચકલા-દેડકાને થવાનું કારણ શું? તિર્યંચ દશામાં રહેલા ચકલા-દેડકાને સમ્યગ્દર્શન થાય, માછલા મનવાળા હોય એને સમ્યગ્દર્શન થાય. એનું કારણ શું? કે એને રાગનું દુઃખ લાગે છે. બે તત્ત્વ છે : રાગ અને જ્ઞાન. રાગમાં કષાય છે તેથી દુઃખભાવ છે અને જ્ઞાનમાં કષાયનો અભાવ છે, અકષાયભાવ છે તેથી એમાં સુખ છે. એને સુખ પણ દેખાતું નથી અને દુઃખ પણ દેખાતું નથી. પછી ગમે તેટલી માથાફોડ કરે પણ અંદરમાં અહીંયાં પ્રેક્ટિકલી જે વિદ્યમાન ભાવો છે એમાં તો તારી પરીક્ષા નથી. શાસ્ત્રના અનેક પ્રકારના કથનના અર્થઘટન તું કરી શકે, એનો ભાવાર્થ, નયાર્થ બધું કરી શકે અને અંદરમાં ચાલતો રાગ અને જ્ઞાન, એની અંદર સુખ અને દુઃખ તત્ત્વ પડ્યું છે એ તને સૂઝે નહિ, સમજાય નહિ. કોઈ દિવસ એનો પત્તો ખાય નહિ. એવો વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં સીધું અંદરથી જ લેવું પડે એવું છે. બહારમાં વેગથી દોડવાની કોઈ જરૂરત નથી. અને બહારની ધમાલ કરવાની પણ કોઈ જરૂર નથી. અંદરમાં જા એમ કહે છે. અહીં તો અંદર... અંદર... અંદર... શબ્દ વારંવાર લે છે ગુરુદેવ. અંદરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી. અંદરથી દુઃખનો થાક લાગે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથમાં આવે. આમ છે. અંદરથી-અંદરથી વાત છે.


શાસ્ત્રના સંગીતમાં ઘણા સંગીત શીખી જાય છે ને. આ 'ટોડરમલજી'ના 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આ વાત છે કે ભાઈ, આ રાગની અંદર આટલી માત્રા હોય, હરિગીતમાં આટલી માત્રા હોય, ઉપેન્દ્રવ્રજામાં આટલી માત્રા હોય. શાર્દુલવિક્રીડિતમાં આટલું હોય, મંદાક્રાંતામાં આટલું હોય. બધું શીખી લે. પણ એ જ્યારે વાગતો હોય, રાગ કોઈ ગાતો હોય ત્યારે એને ન સમજાય કે આ ક્યો ચાલે છે. તો ખરેખર એને શીખ્યો છે છતાં ઓળખાણ નથી. એમ રાગમાં દુઃખ છે એમ સમજીને હા પાડી હોય. શીખી લીધું હોય એમને એમ, પણ ચાલતા રાગમાં દુઃખ ન લાગે તો એનું શીખેલું નકામું છે. કાંઈ આઘે ચાલવાની જરૂર નથી. આ એક એવો બોલ છે. કેમકે આ બોલમાં પ્રશ્નકારે પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે અમે તો તત્ત્વનો અભ્યાસ કરીએ છીએ, તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરીએ છીએ, તત્ત્વજ્ઞાનનું મનન કરીએ છીએ, તત્ત્વજ્ઞાન સંબંધી શાસ્ત્રો વાંચીએ છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી? કે આ અંદરની જે પ્રવૃત્તિ છે એ બધી રહી ગઈ અને બહારની પ્રવૃત્તિમાં તું આગળ વધ્યો. આગળ વધ્યો નહિ, તને એના રસ ચડ્યા. કહે છે કે ભાઈ ! શલ્ય ગરી જશે તને. આમ કરતા કરતા મને થઈ જશે એ તને શલ્ય ચડી જશે અંદરથી. આવો વિષય છે.

એટલે એમ કહે છે કે ભાઈ ! તું અંદરમાં તપાસ કર. તને દુઃખ લાગવું જોઈએ. અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. ક્યારે? કે દુઃખ લાગે છે ત્યારે. જ્યાં સુધી દુઃખ ન લાગે ત્યાં સુધી દુઃખ માટેની એની તપાસ ચાલવી જોઈએ. તે પુરુષાર્થ કરવો જોઈએ.

**'સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી.'** આ વિષય એવો છે કે સત્ય છે એ આત્માના સત્ય સ્વરૂપને અહીંયાં સત્ય કહે છે. સત્ય એટલે શું ? આત્માનું જે મૂળ સ્વરૂપ, સત્ય સ્વરૂપ પરમાત્મપદ છે તે સત્ય છે. તે ત્રિકાળ સત્તા ધરાવે છે ને તેથી એને સત્ય કહ્યું છે. એ અંતરનું તત્ત્વ છે તે સદાય અંતર સંશોધનથી મળે છે અને ગમે તેટલા બાહ્ય સંશોધનથી તે મળતું નથી. અનંત પ્રકારે બાહ્ય સંશોધન કરે, કદી એને મળતું નથી. એટલે એમ કહે છે કે જો કોઈ જીવ અંતર સંશોધનમાં ઉતરે અને એ બરાબર અંતર સંશોધનમાં લાગે તો એને સત્ય મળે નહિ એમ બનતું નથી. એને મળે, મળે ને મળે જ. એવો સિદ્ધાંત છે. એ પણ એક સત્ય છે એમ કહેવું છે. વિશેષ લઈશું...

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૧–C



(૩૭:૦૦ મિનિટથી...)

પ્રશ્ન :- આજે જ ગુરુદેવના પ્રવચનમાં આવ્યું, એક આત્માને જ અભ્યાસવો, એને સાંભળવો, એને જ વિચારવો, એનું જ મનન કરવું, એક આત્માનું જ કરવું.

ઉત્તર :- બરાબર છે. આત્માને સાંભળવો, એનું મનન કરવું, એનું શ્રવણ કરવું, એના વિચાર કરવા બધું એક જ કરવાનું છે. બીજા બધા ઉપરથી દૃષ્ટિ છોડી દે. એક આત્માનો જ અભ્યાસ કર્યા કરે. જો તને ખરી લાગી હોય તો એનો જ કર્યા કરે.

પ્રશ્ન :- વચ્ચે પાછા બીજા વિચારો આડાઅવળા ખુબ દોડાવ્યા કરે છે.

ઉત્તર :- આવ્યા કરે વિચારો પણ એમાંથી તું ફેરવ્યા કર. વિચારો તો તારી ભૂમિકા છે (એટલે) આવ્યા કરે. ફેરવ્યા કર. તારા વિચારોને આત્માની સન્મુખ લાવ્યા કર. આત્માની શ્રદ્ધા યથાર્થ કેમ થાય? તત્ત્વનો નિર્ણય કેમ થાય? એ બાજુ બધા વિચારોને ફેરવ્યા કર. વિચારો તો આવ્યા કરે અનાદિનો અભ્યાસ છે એટલે. એ કાંઈ ફેરવ્યા વગર થવાનું નથી. એ એની મેળે મેળે એમ થવાનું નથી. તારી રુચિ પર તરફની છે તો પર તરફના વિચારો આવે. તારી રુચિ સ્વ તરફ ગઈ તો તે તરફના વિચારો આવશે.

પ્રશ્ન :- આત્મા તરફના વિચારો ફેરવવા એ પણ ખરેખર તો જ્ઞાયક સ્વરૂપનું જ...

ઉત્તર :- જ્ઞાયક તરફનું, જ્ઞાયક તરફનું જ અવલંબન હોવું જોઈએ. જ્ઞાયક તરફના વિચારો હોવા જોઈએ. આત્માનું પ્રયોજન જ્ઞાયક કેમ પ્રગટ થાય એવું પ્રયોજન હોવું જોઈએ. એને લગતા વિચારો હોવા જોઈએ. પોતે શ્રદ્ધામાં ક્યાંય રોકાતો હોય તો એના વિચારો, પોતાને કાંઈ જ્ઞાનમાં સમજાતું ન હોય તો એ જાતના વિચારો, જ્યાં જે જાતમાં તે રોકાતો હોય તે જાતના વિચારો (કરે), જ્ઞાયકને લગતા વિચારો કરે.

પ્રશ્ન :- એ બધા જ્ઞાયક સ્વરૂપને જ અનુમોદે છે.

ઉત્તર :- હા, જ્ઞાયક સ્વરૂપને જ અનુમોદે છે.

પ્રશ્ન :- માતાજી! ગુરુદેવના એક વચનામૃતમાં છે. અનંતગુણસ્વરૂપ આત્મા એના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ તેને એકને જ ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાંતિનો–સુખનો ઉપાય છે. તો માતાજી! સ્વરૂપને દૃષ્ટિમાં લેવું અને તેને ધ્યેય બનાવવો એ બેમાં શું અંતર?

ઉત્તર :- સ્વરૂપને દૃષ્ટિમાં લેવું એટલે તું બરાબર એની શ્રદ્ધા કર અને તારા દૃષ્ટિમાં ગ્રહણ કર. દ્રવ્ય ઉપરની દૃષ્ટિ–શ્રદ્ધા બરાબર કર. એને ધ્યેય બનાવ. મારે ધ્યેય આ આત્મા તે જ મારું ધ્યેય છે, આત્માને પ્રગટ કરવો તે. અને દ્રવ્યને તારી દૃષ્ટિમાં લઈ લે. દૃષ્ટિમાં બરાબર યથાર્થ શ્રદ્ધા કર કે આ જ આત્મા છે એમ દૃષ્ટિમાં ગ્રહણ કર, ધ્યેય પણ એને બનાવ અને એકાગ્ર પણ એમાં થા.

પ્રશ્ન :- માતાજી! સ્વરૂપને દૃષ્ટિમાં લેવું એ દૃષ્ટિનો વિષય સ્વરૂપ થયો અને એને એકને જ ધ્યેય બનાવવું. તો ધ્યેય એટલે ઉપયોગનો વિષય ધ્યેય થયો એમ? એના જ્ઞાનનો વિષય પણ એને જ બનાવ્યો.

ઉત્તર :- જ્ઞાનનો વિષય પણ એ અને દૃષ્ટિનો વિષય પણ એ એક જ છે. જ્ઞાન જાણે બધું પણ એનું ધ્યેય એક જ્ઞાયક જ છે. દૃષ્ટિનો વિષય પણ એક જ્ઞાયક છે, જ્ઞાનમાં પણ એક જ્ઞાયક છે, ચારિત્રમાં પણ એ જ જ્ઞાયક છે. એકાગ્ર પણ એમાં થા.

પ્રશ્ન :- માતાજી! નિશ્ચય મોક્ષમાર્ગમાં દૃષ્ટિ એ મુખ્ય વસ્તુ છે. અને દૃષ્ટિ યથાર્થ સ્થપાતા અર્થાત્ તે પહેલા અનુભવ પહેલા તત્ત્વનો યથાર્થ નિર્ણય થતાં, જ્ઞાયકને ધ્યેય બનાવીને એકાગ્ર થવાનો પ્રયત્ન કરે એટલે કે જ્ઞાનમાં આ

જ્ઞાયક જ છે એમ દેખ્યા કરે તો એને ધ્યાન પ્રગટ થાય એવું કાંઈ ખરું?

ઉત્તર :– જ્ઞાયકને ધ્યેય બનાવે, જ્ઞાયકની શ્રદ્ધા પણ હોવી જોઈએ. જ્ઞાયકની યથાર્થ નિઃશંકપણે શ્રદ્ધા (હોવી જોઈએ) કે આ જ જ્ઞાયક છે, બીજો જ્ઞાયક નથી. આ વિભાવ પરિણામો જે રાગ-દ્વેષના શુભાશુભ વિકલ્પો તે જ્ઞાયક નથી. જ્ઞાયક એક જાણનારો (છે). એ જ્ઞાયકની નિઃશંકપણે શ્રદ્ધા, એની શ્રદ્ધા અને ધ્યેય પણ એક. કરવાનું આ એક જ્ઞાયક જ છે. જ્ઞાયકને જ્ઞાયકપણે પ્રગટતા કરવી, બસ એ એક જ કરવાનું છે. એમ બરાબર શ્રદ્ધા કરી ધ્યેયમાં પણ એ લેવું. અને પછી સ્થિર પણ એમાં થાવું. એકાગ્ર પણ એમાં થાવું. મુખ્ય ભલે દૃષ્ટિ હોય. જ્ઞાનમાં પણ એ અને એકાગ્ર પણ, સ્થિર પણ એમાં થવું. એની એકાગ્રતા બહાર જતા ઉપયોગને વારંવાર સ્વરૂપમાં લીન કરે, વારંવાર સ્થિર થાય.

પ્રશ્ન :– યથાર્થ દૃષ્ટિપૂર્વક જ્ઞાન ઉપયોગમાં એકને જ લીધા કરે તો એમાં એકાગ્રતા થવાનો પ્રસંગ બને ખરો?

ઉત્તર :– એકને જ ઉપયોગમાં લેતા એકાગ્ર થવાનો પ્રસંગ બને. એકને જ એના ધ્યેયમાં લે તો એકાગ્ર થવાનો પ્રસંગ બને. એકને જ ધ્યેયમાં લેવો અને એકમાં જ સ્થિર થાવું. એ બધા ગુણો એકબીજા સાથે સહભાવી, એકસાથે છે.

પ્રશ્ન :– મારે શું કહેવું છે કે દૃષ્ટિનો વિષય તો એને તત્ત્વનો નિર્ણય આપ જે રીતે કહો છો એ રીતે નિઃશંક અને ચોક્કસ બરાબર થવો જોઈએ. એ સિવાય તો ઉપયોગની એકાગ્રતા બની શકે નહિ. પણ તત્ત્વનો નિર્ણય નિઃશંકપણે થાય અને ધ્યાન પ્રગટ કરવા માટે એક જ્ઞાયકને જ વિષય બનાવ્યા કરે કે આ જ્ઞાયક જ છે એમ દેખ્યા કરે તો એમાં એકાગ્રતા થવાનો પ્રસંગ બને ખરો?

ઉત્તર :– જ્ઞાયકને દેખ્યા કરે, જ્ઞાયકને જાણ્યા કરે, દેખ્યા કરે એમાં એકાગ્ર થવાનો પ્રસંગ છે. પણ તેની સાથે જ્ઞાયકને દેખ્યા કરે, જ્ઞાયકમાં લીનતા કરે, એકાગ્રતા. દેખ્યા કરે કે માત્ર જોયા કરે એમ નહિ. અંદર લીનતા પણ એમાં ભેગી આવી જાય છે. ત્રણે આવી જાય છે. એકાગ્રતાનો અર્થ એ, ઠરી જવું. આકુળ-વ્યાકુળ ચિત્ત જે છે, સંકલ્પ-વિકલ્પમાં આકુળ-વ્યાકુળ જે ચિત્ત થઈ ગયું છે એ ચિત્તને જ્ઞાયકમાં સ્થિર કરે છે. જ્ઞાયક જ બસ. આકુળ-વ્યાકુળ બહાર જતા ચિત્તને એકદમ સ્વરૂપમાં સ્થિર કરે છે, લીન કરે છે. ઓલામાં જોવાનું આવે છે, આમાં ઠરવાનું-એકાગ્ર થવાનું આવે છે. પણ એમાં એકબીજા સહભાવી છે અને બેય સાથે આવી જાય છે.

પ્રશ્ન :– એકને જ જોવાનું કરે એટલે એમાં એકાગ્રતા થઈ જાય.

ઉત્તર :– એકાગ્રતા એમાં આવી જાય, આવી જાય છે. એકને જોવે છે એની ભેગી એકાગ્રતા આવી જાય છે. બહારથી જોવાનું છૂટી ગયું એને, ઓછું થઈ ગયું. સ્વરૂપને જોવે છે એટલે સ્વરૂપમાં લીન થયો. બહારની લીનતા ઓછી થઈ અને સ્વરૂપમાં લીન થયો.

પ્રશ્ન :– આમ તો ત્રણે એકસાથે જ છે.

ઉત્તર :– એકસાથે છે. પણ એમાં થોડો થોડો એના સ્વભાવમાં ફેર છે. ઓલું શ્રદ્ધાનું કાર્ય કરે, જાણવાનું અને આ સ્થિર થવાનું કાર્ય કરે છે.

પ્રશ્ન :– જ્ઞાયકને દૃષ્ટિનો વિષય બનાવ્યા પછી જે બાહ્ય પદાર્થો, સંયોગી પદાર્થો, નૈમિત્તિક પદાર્થો કે નૈમિત્તિક ભાવો એ થયા કરે છે. તેનું જ્ઞાન શું કરે? માત્ર જાણે?

ઉત્તર :– એ થયા કરે છે તે જ્ઞાન જાણે છે કે હું તો આ રહ્યો, જ્ઞાયક છું. આ બધું થાય છે. જ્ઞાન જાણે છે પણ આ અસ્થિરતાને કારણે થાય છે એમ પણ જ્ઞાન જાણે છે. મારી ખામી છે એને લઈને આ બધું ઊભું છે. મારો સ્વભાવ જ્ઞાયક છે. હું એનો કર્તા નથી. સ્વભાવે કર્તા નથી. હું જ્ઞાયક છું એમ જ્ઞાન જાણે. પણ મારી મંદતાને (લઈને), પુરુષાર્થની મંદતાને લઈને આ થાય છે. એમ પણ થાય છે. એ તદ્દન જડમાં થાય છે એમ નથી. મારી મંદતા છે, મારી ભૂમિકા અમુક છે એને લઈને આ બધા પરિણામો થયા કરે છે એમ જાણે છે.

પ્રશ્ન :– એ પરિણામો ઘણા થયા કરે છે.

ઉત્તર :– જ્ઞાન જાણે કે આ પરિણામો થાય છે મારા પુરુષાર્થની મંદતાએ. પણ આદરવાયોગ્ય તો એક સ્વભાવ જ છે. આ સ્વભાવની અંદર વિભાવનો એક અંશ પણ આદરણીય નથી. એવું એને શ્રદ્ધાનું બળ છે. વિભાવનો એક પણ અંશ આત્માના સ્વભાવમાં એ સ્વભાવ અપેક્ષાએ આદરણીય નથી. આદરણીય નથી પણ આવે છે. આદરણીય

નથી. ક્યારે એવો પુરુષાર્થ હું કરું કે આ બધું છૂટી જાય? એવી ભાવના એને રહે છે. આકુળતા કરતો નથી કે મારા પુરુષાર્થની મંદતા છે. પણ આ ક્યારે છૂટે એવી ભાવના હોય છે. આ છૂટી જાય બસ, એની જ ભાવના છે. એક અંશ પણ આદરણીય નથી. સ્વભાવ સિવાય આ કાંઈ આદરણીય નથી. જોવે છે આ બધું થાય છે. મારા પુરુષાર્થની મંદતા છે. આમાં અમુક પ્રકારે ખેંચાઈ જવાય છે પરિણતિ. મારા સ્વભાવની મર્યાદા તોડીને બહાર નથી જાતા. સ્વભાવને ઊભો રાખે. પણ આ મારા પુરુષાર્થની મંદતા છે કે આ બહાર ઉપયોગ આટલો ચાલ્યો જાય છે. પુરુષાર્થની મંદતા છે. આદરણીય એક વીતરાગદશા છે. પણ આ ઊભું છે. ભૂમિકા આ છે. આદરણીય નથી. અંતરથી એને લાગે છે આદરણીય નથી, પણ થાય છે.

પ્રશ્ન :– એનો છુટકારો જ્ઞાનીના વચનોથી થાય કે પોતાને જ કરવો પડે?

ઉત્તર :– પોતે પુરુષાર્થ કરે તો થાય અને જ્ઞાનીના વચનોનું નિમિત્ત બને છે. જ્ઞાનીના વચનોનું નિમિત્ત તો હોય છે. કારણ કે કરે પોતે પોતાથી પણ નિમિત્ત તો જ્ઞાનીઓનું હોય છે. જે પુરુષાર્થ કરીને આગળ ગયા છે એના વચનોનું પ્રબળ નિમિત્ત મને પુરુષાર્થ ઉપડવાનું કારણ બને છે એમાં. ઉપાદાન પોતાનું પણ નિમિત્ત બને છે.

પ્રશ્ન :– ગુરુદેવના ટેપ પ્રવચનો થાય છે તેમાં એમ જણાય છે કે સાક્ષાત્ ગુરુદેવ બોલે છે. સાક્ષાત્ તેમની જ વાણી, તેમની જ વાણી.

ઉત્તર :– હા. એવું જ લાગે છે. ટેપમાં સાક્ષાત્ વાણી જેવું લાગે છે. એકદમ એ પડકાર અને એ વાણી ને બધું એવું લાગે છે. ગુરુદેવ જ બોલતા હોય. કોક આંખ મીંચીને આમ બેઠું હોય તો એમ જ લાગે છે ગુરુદેવ બોલ્યા કરે છે સાક્ષાત્, એવું લાગે છે.

પ્રશ્ન :– ગુરુદેવની તો હાજરી નથી તો કોના કર્મનો ઉદય કહેવાય ઇ?

ઉત્તર :– હાજરી નથી. ઉદય તો છે જ ને, દેખીતો ઉદય છે. કોના કર્મનો એટલે આ ભરતક્ષેત્રના બધા જીવોનો ઉદય. બીજો કોનો ઉદય? ભાગ્ય હતા ગુરુદેવ મળ્યા એ. આવી સાક્ષાત્ વાણી, સાક્ષાત્ વાણી વરસાવી.

પ્રશ્ન :– માતાજી! અહીંયાં જેવું ટેપ ચાલે છે એવું બીજે ક્યાંય આટલું સરસ (ચાલતું નથી).

ઉત્તર :– નથી ચાલતું. એટલું ટેપ અને એ સ્થાન, એ ટેપના રણકાર ને એ બધું એવું લાગે છે.

પ્રશ્ન :– ગુરુદેવની અતિશયતા? અતિશયતા ગુરુદેવની છે?

ઉત્તર :– એમની વાણીમાં એવી અતિશયતા જ હતી. એ ટેપમાં એ આવ્યું છે અતિશયતા તો. એના એ ગુરુદેવના શબ્દો બીજા કોઈ બોલે તો સાવ લાગે કહેવાય અને ગુરુદેવ પડકારથી બોલે એ અસર જુદી થાય છે. એને એ દૃષ્ટાંતો ગુરુદેવ દેતા હોય અને એ દૃષ્ટાંત બીજા દે તો એ જોરમાં અને પડકારમાં કેટલો ફેર પડી જાય.

પ્રશ્ન :– ટેપના પ્રમાણે જ આ જે લખાણ થઈ રહ્યું છે—પ્રવચન રત્નાકરનું—એના પ્રમાણે જ થઈ રહ્યું છે. તોપણ જેવું ટેપમાં આવે છે તેવું એનું નથી આવતું.

ઉત્તર :– એ તો લખાણ છે અને આ તો એમના જે પડકાર આવ્યા એ બધું ઉતર્યું છે એમાં તો ફેર પડેને. એ તો લખાણ છે એમાં એ ક્યાંથી આવે પડકાર? આવે નહિ. એ તો એમાં વાણી નીકળતી હોય. એક વાતને દૃઢ કરવા માટે કેટલી વાર કહેતા હોય અને અંદર ઘૂંટતા હોય એ બધા શ્રોતાને અસર થાય, એ જુદું લાગે.

પ્રશ્ન :– માતાજી! ગુરુદેવને સાંભળ્યા ન હોય, પણ ટેપ સાંભળવાથી કોઈને સમ્યગ્દર્શન થઈ શકે?

ઉત્તર :– સાક્ષાત્‌થી થઈ શકે છે. ટેપ સાંભળવાથી અસર થાય અને અમુક પાત્રતાનું એવું કારણ થાય. પૂર્વે કાંઈક તૈયાર કરીને આવ્યો હોય તો થાય, પણ એક વાર તો સાક્ષાત્ વાણી મળવી જોઈએ.

પ્રશ્ન :– શ્રીમદ્‌ને અને ગુરુદેવને નૈસર્ગિક સમ્યગ્દર્શન કે અધિગમજ? શ્રીમદ્‌જીને સમ્યગ્દર્શન થયું, ગુરુદેવશ્રીને સમ્યગ્દર્શન થયું તે નૈસર્ગિક કે અધિગમજ?

ઉત્તર :– એ વર્તમાન અપેક્ષાએ તો નૈસર્ગિક. પૂર્વે લઈને આવ્યા હોય. વર્તમાન તો કોઈ મળ્યું નહોતું. વર્તમાન અપેક્ષાએ નૈસર્ગિક. પૂર્વે લઈને આવ્યા હતા.


***

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૮૯મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

આત્માનુભવ સંપન્ન પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૮૯મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ ઇત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો. તા. ૧૦-૧૨-૨૦૨૧ના રોજ જિનમંદિરથી એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે ગામના પ્રસિદ્ધ વિસ્તારોમાંથી પસાર થઈ જિનમંદિરજીમાં સમાપ્ત થઈ.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર


પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.




### નવીન પ્રકાશન

## અધ્યાત્મ પિપાસા (ભાગ-૧)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના સાથે પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૨૭-૩-૨૦૨૨ના દિવસે ભાગ-૧ પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ પોતાના નામ તથા સરનામા તા. ૨૮-૨-૨૦૨૨ પહેલા, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬)ને વોટ્સ અપ કરવા વિનંતી.




પત્રાંક-૨૮૬

વવાણિયા, આસો સુદ, ૧૯૪૭

ૐ સત્

'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે.'

પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય,

એક પ્રશ્ન સિવાય બાકીના પ્રશ્નોનો ઉત્તર ચાહીને લખી શક્યો નથી.

'કાળ' શું ખાય છે? તેનો ત્રણ પ્રકારે ઉત્તર લખું છું.

સામાન્ય ઉપદેશમાં કાળ શું ખાય છે તેનો ઉત્તર એ છે કે, 'તે પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે.' વ્યવહારનયથી કાળ 'જૂનું ખાય છે.'

નિશ્ચયનયથી કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે.

છેલ્લા બે ઉત્તર વધારે વિચારવાથી બંધ બેસી શકશે. ''વ્યવહારનયથી કાળ 'જૂનું' ખાય છે'' એમ જે લખ્યું છે તે વળી નીચે વિશેષ સ્પષ્ટ કર્યું છે :

''કાળ 'જૂનું' ખાય છે'' : 'જૂનું' એટલે શું? એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઈ, બીજો સમય વર્તે છે, તે ચીજ જૂની ગણાય છે. (જ્ઞાનીની અપેક્ષાથી) તે ચીજને ત્રીજે સમયે, ચોથે સમયે એમ સંખ્યાત, અસંખ્યાત સમયે, અનંત સમયે કાળ બદલાવ્યા જ કરે છે. બીજા સમયમાં તે જેવી હોય, તેવી ત્રીજા સમયમાં ન હોય, એટલે કે બીજા સમયમાં પદાર્થનું જે સ્વરૂપ હતું, તે ખાઈ જઈ ત્રીજે સમયે કાળે પદાર્થને બીજું રૂપ આપ્યું, અર્થાત્ જૂનું તે ખાઈ ગયો. પહેલે સમયે પદાર્થ ઉત્પન્ન થયો અને તે જ વેળા કાળ તેને ખાઈ જાય એમ વ્યવહારનયથી બને નહીં. પહેલે સમયે પદાર્થનું નવાપણું ગણાય, પણ તે વેળા કાળ તેને ખાઈ જતો નથી, બીજે સમયે બદલાવે છે, માટે જૂનાપણાને તે ખાય છે, તેમ કહ્યું છે.

નિશ્ચયનયથી પદાર્થ માત્ર રૂપાંતર જ પામે છે, કોઈ પણ 'પદાર્થ' કોઈ પણ કાળમાં કેવળ નાશ પામે જ નહીં, એવો સિદ્ધાંત છે; અને જો પદાર્થ કેવળ નાશ પામતો હોત, તો આજ કંઈ પણ હોત નહીં. માટે કાળ ખાતો નથી, પણ રૂપાંતર કરે છે એમ કહ્યું છે. ત્રણ પ્રકારના ઉત્તરમાં પહેલો ઉત્તર 'સર્વને' સમજવો સુલભ છે.

અત્ર પણ દશાના પ્રમાણમાં બાહ્ય ઉપાધિ વિશેષ છે. આપે કેટલાંક વ્યાવહારિક (જો કે શાસ્ત્ર-સંબંધી) પ્રશ્નો આ વેળા લખ્યાં હતાં, પણ ચિત્ત તેવું વાંચવામાં પણ હાલ પૂરું રહેતું નથી, એટલે ઉત્તર શી રીતે લખી શકાય?

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૨૨)નું શુલ્ક શ્રીમતી મનીષા હેમંતભાઈ શાહ, સાંતાક્રુઝ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**